**રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં વિકલાંગ ધારો-૧૯૯૫ અન્વયે વિકલાંગો માટે પ્રવેશમાં ત્રણ ટકા બેઠકો અનામત રાખવા બાબત.**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ નં. પરચ/૯૫-૨૦૦૧/૫૧૭/ર,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૦-૭-૨૦૦૧

**વંચાણમાં લીધો:-**

(૧) શિક્ષણ વિભાગનો તા. ૨૫-૧૦-૨૦૦૦ નો પરિપત્ર નં. આઈઈડી-૧૨-૨૦૦૦-૧૭૯૦-ન,
(૨) શિક્ષણ વિભાગનો ઠ. ક્ર. પવટ/૧૦૨૦૦૦/૧૩૪/સ, તા. ૧-૫-૨૦૦૦.

**પ્રસ્તાવના :-**

વિકલાંગ ધારો-૧૯૯૫ ની જોગવાઈઓ ધ્યાનમાં લઈને રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં વિકલાંગો માટે પ્રવેશમાં ત્રણ ટકા બેઠકો અનામત રાખવાની સુચના આમુખ ક્રમાંક (૧) માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા. ૨૫-૧૦-૨૦૦૦ ના પરિપત્રથી આપવામાં આવી છે. ઉપરાંત વિકલાંગતા અનુસાર ત્રણ કેટેગરી પાડી પ્રત્યેક કેટેગરીમાં એક એક ટકા લેખે ગણીને કુલ ત્રણ ટકા બેઠકો અનામત રાખવાની સુચના આપવામાં આવી છે, પરંતુ વ્યવહારુ રીતે વિચારણામાં આવે તો કેટલાક કિસ્સાઓમાં/ કેટેગરીમાં/ ફેકલ્ટીમાં વિકલાંગો માટે સમાન ધોરણે ૧% લેખે કુલ ૩% અનામત બેઠકો રાખી તેનો અમલ કરવાનું શક્ય જણાતું નથી દા.ત. શારીરિક શિક્ષણ આપતી સંસ્થાઓમાં અસ્થિર વિષાયક વિકલાંગતા હોય તો તે સંસ્થામાં પ્રવેશ આપવાનું વ્યવહારુ જણાતું નથી તેવી જ રીતે ટેકનીકલ શિક્ષણ આપતી સંસ્થાઓમાં પણ જે ઉમેદવારો ઓછામાં ઓછી ૪૦ ટકા અને વધુમાં વધુ ૬૦ ટકા વિકલાંગતા ધરાવતા હોય તેવા જ વિકલાંગ ઉમેદવારોને આ પ્રકારની અનામત બેઠકો ઉપર ગુણવત્તા અનુસાર પ્રવેશ આપવાનું શિક્ષણ વિભાગના તા. ૧-૫-૨૦૦૦ ના ઠરાવ નં. પવસ/૧૦૨૦૦૦/૧૩૪/સ, થી ઠરાવવામાં આવેલ છે. આમ શૈક્ષણિક સંસ્થાઓમાં એવા વિકલાંગ ઉમેદવારોને પ્રવેશ આપવો જોઈએ કે જેથી ઉમેદવારોની વિકલાંગતા તેમના સમગ્ર અભ્યાસકાળ દરમ્યાન શૈક્ષણિક કામગીરી માટે અવરોધક હોવી જોઈએ નહીં. આ બાબત ધ્યાનમાં લઈ વિકલાંગ ધારો, ૧૯૯૫ ની જોગવાઈ મુજબ વિકલાંગો માટે શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત બેઠકો રાખવા અંગે રાજ્ય સરકારે પુનઃ વિચારણા કરી, શૈક્ષણિક સંસ્થાઓમાં વિકલાંગ ઉમેદવારોને પ્રવેશ માટે નવેસરથી સૂચનાઓ આપવાનું વિચાર્યું છે.

ઠરાવઃ-

પ્રસ્તાવનામાં જણાવેલ સંજોગોને ધ્યાનમાં લઈ રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં વિકલાંગ ધારો, ૧૯૯૫ અન્વયે વિકલાંગો માટે પ્રવેશમાં ૩% બેઠકો અનામત રાખવા માટે આમુખ નં. (૧) ઉપર દર્શાવેલ શિક્ષણ વિભાગના તારીખઃ ૨૫-૧૦-૨૦૦૦ ના પરિપત્રથી આપેલ સૂચનાઓ આથી રદ કરવામાં આવે છે. અને વિકલાંગ ધારો, ૧૯૯૫ ની જોગવાઈ અનુસાર શૈક્ષણિક સંસ્થાઓમાં વિકલાંગો માટે અનામત બેઠકો રાખવા માટે નીચે મુજબનું ધોરણ રાખવાનું આથી ઠરાવવામાં આવે છે:-

વિકલાંગ ધારો, ૧૯૯૫ ની કલમઃ ૩૯ હેઠળ રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં નીચે પ્રમાણેની વિકલાંગતા અનુસાર પ્રત્યેકની એક-એક ટકા લેખે ગણીને કુલ ૩ (ત્રણ) ટકા બેઠકો અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે.

(૧) અંધત્વ અથવા અલ્પદૃષ્ટિ

(૨) મુકબધિરની ખામી ( બહેરા-મુંગા )

(૩) અસ્થિ વિષયક વિકલાંગ અથવા મગજનો લકવો ( મંદબુધ્ધિ )

ભારત સરકારના ધારાને અનુરૂપ હવે શારીરિક ક્ષતિને ત્રણ પ્રકારમાં વહેંચી તેની વ્યાખ્યા કરવામાં આવેલ છે જેમાં એક કેટેગરીનો વિકલાંગ ઉમેદવાર ન મળે અને અન્ય કેટેગરીનો વિકલાંગ ઉમેદવાર મળે કે જે ઉમેદવારોની વિકલાંગતા તેમના સમગ્ર અભ્યાસકાળ દરમ્યાન શૈક્ષણિક કામગીરી માટે અવરોધક બને તેમ ન હોય તેવા ઉમેદવારથી જગ્યા ભરી શકાય આમ કુલ ૩ ટકાની મર્યાદામાં રહીને એક કેટેગરીની અનામતને બીજી કેટેગરીની અનામતમાં અરસ-પરસ અદલા બદલીથી ભરી શકાશે. આ રીતે અનામતની ઈન્ટર ચેન્જેબીલીટીથી વિકલાંગો માટે પ્રવેશમાં ત્રણ ટકાનું પ્રતિનિધિત્વ કાયમ જાળવાઈ રહે.

ઉપર મુજબની જોગવાઈનો અમલ તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં કરવાનું શક્ય છે કે કેમ, તે બાબત વિચારણા માંગી લે છે કેમ કે પ્રસ્તાવનામાં દર્શાવ્યા મુજબના કેટલાક કિસ્સાઓમાં સદર જોગવાઈનો અમલ કરવાનું શક્ય નથી.

આથી વિકલાંગ ધારો, ૧૯૯૫ ની કલમ: ૩૯ ની જોગવાઈ મુજબ શૈક્ષણિક સંસ્થાઓમાં વિકલાંગો માટે અનામત બેઠકો રાખવા સંબંધિત તમામ ફેકલ્ટીઓ માટે કાળજીપૂર્વક વિચારણા કરી, શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ માટેના નિયમોમાં જરૂરી સુધારા કરવા માટે અલાયદી વિગતવાર સૂચનાઓ બહાર પાડવાની રહેશે. તથા આ પ્રકારની સૂચનાઓ બહાર પાડયા બાદ તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી. જે. પટેલ )
સંયુકત સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

૧. માન. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી.
૨. માન. રા. ક. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, ગુ. રા., ગાંધીનગર.
૩. અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી (કોલેજ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૫. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી ( મધ્યાહન ભોજન તથા શાળાઓ ) ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૬. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
૭. નિયામકશ્રી, ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, સેકટર-૨૧, ગાંધીનગર.
૮. નિયામકશ્રી (તાંત્રિક શિક્ષણ), જુના સચિવાલય ગાંધીનગર.
૯. સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
૧૦. સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ.
૧૧. વિકલાંગ બાળકોની સંકલિત શિક્ષણ યોજના ચલાવતી સર્વે સ્વૈચ્છિક સંસ્થાઓ ( આઈ.ઈ.ડી.સી. મારફત )
૧૨. શિક્ષણને સંબંધિત શાળાઓ તથા કોલેજના પ્રિન્સીપાલશ્રીઓને
૧૩. શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
૧૪. સિલેકટ ફાઈલ.
૧૫. નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઈલ.